

# શિશુપાલગઢ

## [ ૨૧૦૦ વર્ષનો પુરાણો કિલ્લો ]

ભારતવર્ષનાં અવશેષોમાંથી સમ્રાટ ખારવેલનો કંડારેલો જે ઇતિહાસ મળી આવ્યો છે તે જૈન ઇતિહાસના પુરાવાના નાનીસૂની સિદ્ધિ ન ગણાય. પુરાતત્ત્વજ્ઞોએ એમાં અસંદિગ્ધ જૈનત્વનાં દર્શન કર્યાં ને એ શિલાલેખને જૈન તરીકે કબૂલ્યો ને વધાવ્યો. આજ સુધીમાં એવાં કેટલાંયે જૈનશૈલિનાં સ્થાપત્યો, મૂર્તિઓ, આલેખો કંઇક સંદિગ્ધ કે મળતાં લાગ્યાં તે બૌદ્ધ ને બ્રાહ્મણધર્મના નામે ચડી ગયાં, કેમકે ઇતિહાસના અનુસંધાનમાં બૌદ્ધ સાહિત્ય કે હિંદુ પુરાણો જેટલો આધાર જૈન અનુશ્રુતિઓનો લેવાયો નથી અને તેથી જ અમે કહી શકીએ એમ છીએ કે એ અવશેષોનું એ દૃષ્ટિએ પુનરાવર્તન કરવામાં આવે તો કેટલાયે નિર્ણયો ફેરવવા પડે. ખારવેલના આ શિલાલેખ માટે એવું બન્યું નથી એ આનંદદાયક હકીકત છે. એ જ શિલાલેખવાળી ભૂમિ જે ઓડિસાના ઉદયગિરિ અને ખંડગિરિ નામે ઓળખાય છે ત્યાં નવા ખોદકામથી જે વધુ જાણવાલાયક હકીકત મળી છે તે જૈનો માટે ઉપયોગી હોવાથી વાચકો સમક્ષ રજૂ કરીએ છીએ. સંપા૦

★

પ્રાચીન અવશેષોના સંબંધમાં હિંદ ઘણો સમૃદ્ધ દેશ છે. ભૂતકાળમાં હિંદના પુરાતન ઇતિહાસની શોધ અંગે ઘણું કામ કરવામાં આવેલું છે. તોપણ તેના પુરાતન અવશેષોનો ઘણો મોટો ભાગ હજુયે સંશોધન વિના દટાયેલો પડ્યો છે. છેલ્લાં બે વર્ષ થયાં હિંદ સરકારના પુરાતત્ત્વખાતા તરફથી કેટલુંક વ્યવસ્થિત ખોદકામ ચાલુ કરવામાં આવ્યું છે. પોંડીચેરી આગળ આરિકામેડુ પાસે અને મહિસુર રાજ્યમાં બ્રહ્મગિરિ અને ચન્દ્રાવલિ આગળ યોજનાપૂર્વક પુરાતત્ત્વ અવશેષો મેળવવાને ખોદકામ ચાલુ કરવામાં આવેલું છે. પુરાણી સંસ્કૃતિઓનો કડીબંધ ઇતિહાસ મેળવવાના દૃષ્ટિબિન્દુથી આ કાર્ય હાથ ધરવામાં આવેલ છે. એમ માનવામાં આવે છે કે આ સંસ્કૃતિઓ એક બીજાની ગાઢી અસર હેઠળ આવેલી હતી.

ઇ. સ. ની આસપાસના સમયની દક્ષિણાત્ય સંસ્કૃતિઓના સ્પષ્ટ ચિત્રો હવે આલેખી શકાય એમ છે. દક્ષિણમાં શરૂ કરેલું કામ ઉત્તર તરફ ગતિમાન થયું છે. નજદીકના જ ભવિષ્યમાં હજુ સુધી અસ્પષ્ટ રહેલું બૌદ્ધિક, ઔપનિષદિક, બ્રાહ્મણિક અને પૂર્વવૈદિક સંસ્કૃતિઓની કલાઓ અને ગુણદોષોનું ચોક્કસ માપ કાઢી શકાશે, અને ઇ. સ. પૂર્વે ત્રણ હજાર વર્ષની સિંધુસંસ્કૃતિ અને ઇ. સ. પૂર્વ ત્રીજા–ચોથા સૈકાની સંસ્કૃતિ વચ્ચેની કડીઓ સાંધી શકાશે.

ઓરિસ્સા વિસ્તારમાં ભુવનેશ્વર નજદીક પૂર્વ તરફ બે માઇલ દૂર ખોદી કાઢવામાં

આવેલા શિશુપાલગઢ નામના એક મજબૂત કિલ્લાની શોધખોળ, એ આ દિશામાં થયેલી પ્રગતિનું સૂચન કરે છે.

આ ખોદકામ પુરાતત્ત્વખાતાના સુપરિન્ટેન્ડન્ટ શ્રી. બી. બી. લાલની દેખરેખ નીચે કરવામાં આવ્યું હતું અને હિંદની કેટલીક વિદ્યાપીઠો અને સંસ્થાઓ સાથે જોડાયેલા તથા અન્ય વિદ્વાનો ઉપરાંત ચીન અને સીલોનમાંથી આવેલા વિદ્વાનોએ પણ આ કાર્યમાં ભાગ લીધો હતો. ખોદકામ ચાલુ હતું ત્યારે હિંદના પુરાતત્ત્વ વિભાગના ડિરેક્ટર જનરલ ડૉ. એન. પી. ચક્રવર્તીએ આ સ્થળોની વારંવાર મુલાકાત લીધી હતી.

શિશુપાલગઢની રાંગ આસપાસ અત્યારે જે જલસ્રોત વહી રહ્યો છે તે પુરાણા કાળમાં ગઢની આસપાસ ફરતી ઊંડી ખાઈનું સૂચન કરે છે. શિશુપાલગઢનો વિસ્તાર આશ્ચર્યમુગ્ધ કરે એવો સપ્રમાણ છે. તે સમચોરસ જણાય છે. પ્રત્યેક બાજુ આશરે પોણો માઈલ લાંબી છે. પ્રત્યેક બાજુએ બે એમ કુલ આઠ વિશાળ દરવાજાઓ છે. તે ઉપરાંત ઠેરઠેર અનેક નાનાં નાકાંઓ પણ છે.

ખોદકામથી જાણવા મળ્યું છે કે શરૂઆતમાં આ ગઢની દીવાલો પાયામાં ૧૦૦ ફૂટ પહોળી અને ૨૫ ફૂટ ઊંચી હોવી જોઈએ. બીજે તબક્કે ત્રણ કે ચાર ફૂટ જાડું પથ્થરનું આવરણ ચણી લેવામાં આવ્યું હશે. ત્રીજે તબક્કે ગઢની દીવાલની બંને બાજુએ પાકી ઈંટનું ચણતર ચણી લેવામાં આવ્યું હોવું જોઈએ, અને માટીનું વચ્ચેનું પડ જેમનું તેમ રહેવા દીધું હોવું જોઈએ.

આઠમાના એક વિશાળ દરવાજાનું ખોદકામ કરતાં માલુમ પડ્યું છે કે આ દરવાજો ૧૫ ફૂટ પહોળો છે અને તેના દરવાજા આગળ ૧૩ ફૂટ સાંકડો છે. દરવાજાની બન્ને બાજુએ પાંચ કે ૭ ફૂટ પહોળા વિશેષ અવરજવર માટે માર્ગો છે. રાત્રે જ્યારે વાહનવ્યવહાર બંધ થઈ જતા અને મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવતો ત્યારે મોડા આવનારાઓ આ સાંકડા દરવાજાનો ઉપયોગ કરી શકતા. મૌર્યકાળના વિચક્ષણ મુત્સદી કૌટિલ્યે તેના અર્થશાસ્ત્રમાં દુર્ગમાં દાખલ થવાની આ પ્રકારની સગવડ આપતા માર્ગનો ઉલ્લેખ કરેલો છે. દરવાજાની બંને બાજુએ ૬૩ ફૂટ લાંબા અને ૨૮ ફૂટ પહોળા મિનારાઓ હતા અને તેની ટોચ પર જવાને પથ્થરનાં સોપાનો બાંધવામાં આવેલાં હતાં.

ગઢના મધ્ય ભાગમાં સોળ સ્તંભો છે. જે તે જમાનાના સભાગૃહનો ખ્યાલ આપે છે.

ભૂગર્ભમાંની જળસપાટીથી પણ નીચે પંદર ફીટ ઊંડે સુધી ખોદકામ કરવામાં આવ્યું હતું. અને પાણી ખેંચી કાઢવામાં પમ્પીંગ યંત્રો અને અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

કેટલીક નાની નાની વસ્તુઓ પણ શોધી કાઢવામાં આવી છે. તેમાં દેહસાંદર્યનાં સાધનો જેમ કે—એરીંગ, માળા, કાચની બંગડી, કિંમતી પથ્થરો અને હાથીદાંતનાં સુશોભનો આદિનો સમાવેશ થાય છે. તે ઉપરાંત શાન્તિકાળ અને યુદ્ધકાળમાં ખપ લાગતાં લોઢાનાં ઓજારો, શસ્ત્રો પણ મળી આવ્યાં છે.

સોનું, ચાંદી, તાંબુ, સીસું વગેરે ધાતુઓના કેટલાક સિક્કાઓ પણ મળી આવ્યા છે. આ સિક્કાઓ ઉપલા થરમાંથી મળી આવ્યા છે અને તે ઇ. સ. પછીના બીજાથી ચોથા સૈકાઓના હોય એમ માલુમ પડે છે.

આ સ્થળનો કાળ ઈ. સ. પૂર્વે ૩૦૦ નો આંધવામાં આવ્યો છે. ખંડગિરિ–ઉદયગિરિની ટેકરીઓ પરથી મળી આવેલા શિલાલેખ ઉપરથી જાણવા મળે છે કે સમ્રાટ ખારવેલે તેના રાજ્યના અમલના પ્રથમ વર્ષમાં તેની રાજ્યધાની કલિંનગરના ગઢની રાંગ અને દરવાજાઓનું મરામત કામ કરાવ્યું હતું. આ ટેકરીઓની આસપાસ આજ પર્યંત આ શિશુપાલગઢનું જ અસ્તિત્વ હોય એમ જણાયું છે અને તેથી કલિંગનગર તે આ જ શિશુપાલગઢ હોવું જોઈએ એવું માનવાને કારણ મળે છે. ત્યાં તે વખતે ખારવેલના રાજ્ય અમલનું કલિંગ સામ્રાજ્ય પ્રવર્તમાન હોવું જોઈએ એવું અનુમાન બાંધવામાં આવ્યું છે.

આ સ્થળેથી પ્રાપ્ત થતા પુરાવાઓ ઉપરથી એમ કહી શકાય કે અહીં ઈ. સ. પછીના ચોથા સૈકાના મધ્યકાળ સુધી વસવાટ રહ્યો હતો. જો કે કેટલાંક લખાણો ઉપરથી એવું પણ સમજાય છે કે અહીં છેક મધ્યયુગ સુધી લોકો વસવાટ કરીને રહેતા હતા.

આપણા પુરાતન ઈતિહાસ ઉપર આ શોધખોળની ઘણી અસર થઈ છે. પહેલાં પ્રથમ તો ૨૧૦૦ વર્ષ પુરાણા કિલ્લાની અને તેના વિશાળ દરવાજા અને દીવાલોની સપ્રમાણ બાંધણીની શોધથી આપણા પુરાતત્ત્વજ્ઞાનમાં એક વિશિષ્ટ ઉમેરો થયો છે. કોઈ પણ પ્રકારની પરદેશી અસર વિનાની બાંધણીવાળો સ્થાપત્યનો આ નમૂનો હિંદને ગૌરવ આપનારો છે.

મળી આવેલાં કેટલાંક સચિત્ર માટીનાં વાસણો ઉપરથી એવું પણ અનુમાન બાંધવામાં આવે છે કે હિંદના પૂર્વ વિસ્તારના કલિંગ સમ્રાટને, સીધી યા આડકતરી રીતે રોમન સમ્રાટ સાથે ભૂમધ્ય સાગરની દુનિયા સાથે સંપર્ક હોવો જોઈએ.

'પ્રજાબંધુ' ] [ તા. ૧૫ ઓગસ્ટ સને ૧૯૪૮

---

[ અનુસંધાન પૃષ્ઠ ૧૧૩નું ચાલુ ]

શાન્તિસૂરિ થયા છે અને બંનેના ગુરુનું નામ સુમતિ છે. એમાંના એક વિ. સં. ૧૫૯૭માં થઈ ગયા છે તો બીજા એમના કરતાં કેટલીક પેઢીઓ પૂર્વે થયા છે.

જૈ. સા. સં. ઈ. (પૃ. ૫૨૬)માં 'સાંડેર' ગચ્છનો ઉલ્લેખ છે તે જ 'સંડેર' છે. અહીં સૂચવાયું છે કે વિ. સં. ૧૫૫૦ની આસપાસમાં 'સાંડેર' ગચ્છના સુમતિસૂરિના શિષ્યે[1] સાગરદત્તરાસ રચ્યો છે, અને આ શાન્તિસૂરિના શિષ્ય ઇશ્વરસૂરિએ વિ. સં. ૧૫૬૧માં લલિતાંગચરિત્ર રચ્યું છે.

આ પ્રમાણે અહીં "સમાનનામક મુનિવરો" નામની જે લેખમાળા મેં લખવા ધારી છે તેનો[2] "લેખાંક ૧" પૂરો થાય છે. હવે પછી "લેખાંક ૨" તરીકે 'મહેશ્વર' નામક સૂરિઓ આપવા વિચાર છે.

---

૧. દાનનું માહાત્મ્ય દર્શાવનારી આ કૃતિમાં ૧૩૭ કડીઓ છે. એ પાઈય અવટ્ટ અને ગુજરાતી એમ ત્રણ ભાષામાં ગુંથાયેલી છે.

૨. આ તૈયાર કરવામાં મને માલવણિયાની પ્રસ્તાવના વિશેષતઃ પ્રેરક તેમજ સહાયક નિવડી છે એથી હું એ બાબતની અહીં સાભાર નોંધ લઉં છું.